GJMR010005082026

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૨૫૫/૨૦૨૬</u>** **<u>-:: આંક-૧ તળે હુકમ ::-</u>**

૧. અરજદારે આ જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે. અરજદારના વિધ્વાન વકીલશ્રી એ.વાય.ચૌહાણ ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર વિરુધ્ધ માળીયા(મી) પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૨૨૫૦૪૬૩/૨૦૨૫, પ્રોહીબીશન કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ. એકટની ક-૧૧૧(૨)(બી), ૧૧૧(૩)(૪), ૩૩૬(૨), ૩૩૬(૩) મુજબ ના શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ થયેલ છે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે અને મુદામાલ કબજે થઈ ગયેલ હોય જેથી અરજદાર પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી બાકી રહેતી નથી. સમગ્ર ચાર્જશીટમાં અરજદાર સામે કોઈ પ્રાઈમાફેસી પુરાવો નથી. અરજદારને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. ચાર્જશીટના તમામ કાગળો જોતાં પણ અરજદારે કોઈ રોલ ભજવેલ હોય તેવું ફલીત થતું નથી. મુદામાલ કબજે થઈ ગયેલ છે. અરજદાર બનાવ અંગે કશું જાણતા નથી. વધુમાં અરજદારના વિધ્વાન વકિલશ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અન્ય સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૮૯૬/૨૦૨૫ થી સહઆરોપી ભાવેશભાઈ નાથાભાઈ મોરી અને ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૭૦૮/૨૦૨૫ થી સહ આરોપી રાજુભાઈ આલાભાઈ કોડીયાતરને તથા આ કોર્ટે ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૯૨/૨૦૨૫ થી સહઆરોપી ધાનાભાઈ આલાભાઈ કોડીયાતરને તથા ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૬૬/૨૦૨૫ થી

ભરત ઉર્ફે જીગર સોમાભાઈ હુણ તથા ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૮/૨૦૨૬ થી રાજુભાઈ પરબતભાઈ મોરીને જામીન મુકત કરવામાં આવેલ છે, જેથી હાલના અરજદારને પણ નામ. ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૧(૩) જી.એલ.આર ૧૯૯૯ કે જે રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ પેરીટીના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર છે. અરજદાર પાસેથી મુદામાલ રીકવર કે ડીસ્કવર કરવાનો બાકી નથી. અરજદાર સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે જેથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેઓને જામીન પર મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, જેથી અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન પર મુકત કરવા વિનંતી કરેલ છે.

૨. અરજી સામે વાંધો ઉઠાવી વિધ્વાન પબ્લિક પ્રોસીકયુટરશ્રી વી.સી. જાની ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર વિરુધ્ધ માળીયા (મીં) પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૯૦૦૨ ૨૫૦૪૬૩/૨૦૨૫, પ્રોહીબીશન કલમ– ૬૫(એ) (ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬ (બી) તથા બી.એન.એસ. એકટની કલમ–૧૧૧ (૨)(બી), ૧૧૧(૩)(૪), ૩૩૬(૨), ૩૩૬(૩) મુજબના શીક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. હાલના ગુનાના કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને અરજદાર વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે, આમ અરજદાર વિરુધ્ધ પ્રાઈમાફેસી કેસ છે તેમ ફલીત થાય છે. સદરહું ગુનાના કામે એસ.એમ.સી. ગાંધીનગર ધ્વારા બાતમી ના આધારે રેડ કરવામાં આવેલ છે જેમાં **બનાવ સ્થળેથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૭૨૧૩, કિ.રૂા.૯૨,૬૯,૧૦૦/– નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે.** વધુમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે અન્ય સહ આરોપી નાસતા ફરે છે. અરજદાર ગુનાહિત ઈતીહાસ ધરાવે છે અને તેની સામે કુલ–૩૪ ગુનાઓ નોંધાયેલ છે અને હાલનો ૩૪ મો ગુનો છે. હાલના કામે જે મુદામાલ કબજે કરવામાં

આવેલ તે મોટી રકમનો મોટો જથ્થો છે. અરજદાર વિરુધ્ધ પ્રથમદર્શનીય કેસ છે. આ કામના ફરીયાદી તથા સાહેદો તથા પંચોને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ ફરીથી નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૩. પક્ષકારોની રજુઆત, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા રેકર્ડ ધ્યાને લેતાં એ ફલીત થાય છે કે, અરજદાર વિરુધ્ધ માળીયા (મી) પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૯૦૦૨૨૫૦૪૬૩/૨૦૨૫ પ્રોહીબીશન કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮ (૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ. એકટની કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩)(૪) ૩૩૬(૨), ૩૩૬(૩) મુજબના શીક્ષાને પાત્ર ગુના અંગેનો આરોપ છે. આ તબક્કે કોર્ટ દ્વારા વિગતવાર પુરાવાનો મૂલ્યાંકન કે ટ્રાયલ જેવું વિશ્લેષણ કરવાનું હોતું નથી, પરંતુ માત્ર એટલું જોવાનું હોય છે કે આરોપને આધાર આપતા પૂરતા પ્રાથમિક પુરાવા છે કે નહીં? ગુનાની ગંભીરતા શું છે? અને આરોપીની સંડોવણી પ્રાથમિક રીતે દર્શાય છે કે નહી? **હાથ ઉપરના કેસમાં જોઇએ તો જે મુદામાલ કબજે કરવામાં આવેલ છે તે કિ.રૂા.૯૨,૬૯,૧૦૦/– ની કિંમતનો મુદામાલ કબજે કરવામાં આવેલ છે,** હાલના અરજદાર સામે ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે અને તે દર્શાવે છે કે અરજદાર વિરુદ્ધ પ્રાથમિક રીતે ગુનાની સંડોવણી પુરવાર કરવા માટે પૂરતા આધારભૂત પુરાવા ઉપલબ્ધ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જ્યારે ચાર્જશીટ દાખલ થઈ જાય અને પ્રથમદર્શનીય કેસ બનતો જણાય, ત્યારે જામીન મંજુર કરવા માટે કોર્ટે ખાસ અને અસાધારણ પરિસ્થિતિઓ જોવી જરૂરી હોય છે. વધુમાં અરજદારપક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અન્ય સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૮૯૬/૨૦૨૫ થી સહઆરોપી ભાવેશભાઈ

નાથાભાઈ મોરી અને ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૭૦૮/૨૦૨૫ થી સહઆરોપી રાજુભાઈ આલાભાઈ કોડીયાતરને તથા આ કોર્ટે ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૯૨/૨૦૨૫ થી સહઆરોપી ધાનાભાઈ આલાભાઈ કોડીયાતર ને તથા ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૬૬/૨૦૨૫ થી ભરત ઉર્ફે જીગર સોમાભાઇ હુણ તથા ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૮/૨૦૨૬ થી રાજુભાઇ પરબતભાઇ મોરીને જામીન મુકત કરેલ હોય જેથી હાલના અરજદારને પેરીટીના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર છે. **પરંતુ, પેરીટી નો સિદ્ધાંત માત્ર ત્યારે લાગુ પડે જ્યારે આરોપીઓની ભૂમિકા, સંડોવણી અને પરિસ્થિતિ સમાન હોય. હાલના કેસમાં, અરજદાર આશરે ૬ મહિના સુધી પોલીસ પકડથી દૂર રહ્યા હતા. કાયદા મુજબ, જે આરોપી તપાસમાં સહકાર આપવાને બદલે નાસતો-ભાગતો ફરેલ છે જેથી તેઓ પેરીટી લાભ લેવા માટે હકકદાર બનતા નથી. વળી, અરજદાર સામે આ અગાઉ આ જ પ્રકારના કુલ-૩૩ ગુનાઓ નોંધાયેલ છે જે દર્શાવે છે કે અરજદાર ગુનો કરવાની ટેવવાળા છે. વળી જામીન અંગે વિચાર કરતી વખતે આરોપીની ભૂતકાળની પ્રવૃત્તિઓ અને ગુનાહિત પૃષ્ઠભૂમિ મહત્વપૂર્ણ પરિબળ ગણાય છે. ગુનાહિત ઈતિહાસ દર્શાવે છે કે અરજદાર ફરીથી ગુનો આચરે તેવી શક્યતા નકારી શકાય નહીં.** તેથી સમાજહિત અને ન્યાયહિતની દ્રષ્ટિએ જામીન આપવો યોગ્ય નથી. હાલના ગુનામાં અન્ય સહઆરોપી નાસતા ફરતા હોવાનું દર્શાવાયું છે. આવી પરિસ્થિતિમાં અરજદારને જામીન પર મુકત કરવામાં આવે તો સાક્ષીઓ અને પંચોને ધાક-ધમકી આપવાની શક્યતા, પુરાવા સાથે ચેડા કરવાની શક્યતા, ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેવાની શક્યતા, અથવા ફરાર થવાની શક્યતા નકારી શકાય નહીં. **વિશેષ કરીને મોટા પ્રમાણમાં (કિ.રૂ. ૯૨,૬૯,૧૦૦/-) મૂલ્યનો દારૂ કબજે થયેલ હોય, ગુનાની ગંભીરતા પણ જામીન ન આપવા માટે મહત્વપૂર્ણ પરિબળ છે.** આમ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-::હુકમ::-</u>**

આ કામના અરજદાર **અરજણભાઈ આલાભાઈ કોડીયાતર** ઉ.વ.:-૩૫, ધંધો:-ખેતી, રહે.રાણપર ગામ, તા.ભાણવડ, જી.દેવભુમિ દ્વારકા હાલ-જીલ્લા જેલ, અમરેલી વાળાની વિરુધ્ધ માળીયા (મી) પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૯૦૦૨૨૫૦૪૬૩/૨૦૨૫, પ્રોહીબીશન કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬ (બી) તથા બી.એન.એસ. એકટની કલમ-૧૧૧(૨) (બી), ૧૧૧ (૩) (૪), ૩૩૬(૨), ૩૩૬(૩) મુજબના કામે તેમને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરતી આ અરજી **નામંજુર** યાને **રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૧ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા.૧૧/૦૩/૨૦૨૬

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)

//NDB//